## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લોકોએ ચિંતા કરવાની જરૂર નથી... માર્કેટમાં કેરી આવશે તો જ ભાવ વધશે...!!!

# કેપીટલ કેબ એન્ડ ટેકસીમાં રોકાણના નામે એનઆરઆઈ સાથે રૂ.૩.૫૯ કરોડની છેતરપિંડી

## ત્રણ ઠગે વિદેશી યુવકની જમીન પર લોન લઈ હપ્તા પણ ભર્યા નથી, એનઆરઆઈએ ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨

શહેરની સેકટર-૨૫ જીઆઈડીસી બી-૩૩ ખાતે કેપીટલ કેબ એન્ડ ટેકસી સર્વિસીસ પ્રા.લિ. કંપનીના ત્રણ શખ્સોએ એનઆરઆઈને રૂપીયાનું રોકાણ કરાવી રૂ.૩.૫૯ કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. તે ઉપરાંત ત્રણ ઠગોએ એનઆરઆઈની જમીન ઉપર લોન લઈ તેના હપ્તા પણ ભર્યા નથી. ત્યારે કરોડો રૂપીયાનો ચુનો ચોપડનાર ત્રણ શખ્સો સામે એનઆરઆઈ એ સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના માણસા તાલુકના આનંદપુરા (વેડા) વતની પ્રહલાદભાઈ ઉર્ફે પીટર ગાંડાભાઈ ચૌધરી છેલ્લા બે દાયકાથી અમેરીકા સ્થાઈ થયા છે. અમેરીકાની સીટીઝન ધરાવતા હોવાથી તેઓ તહેવાર કે ધાર્મિક-સામાજીક પ્રસંગે અમેરીકાથી આવતા જતા રહે છે. વર્ષ ૨૦૧૯માં પ્રહલાદભાઈ વતન આવ્યા હતા.તે સમયે ગામમાં રહેતા સમાજના દિનેશ ગાંડાભાઈ ચૌધરી સેકટર-૨૫ જીઆઈડીસીમાં કેપીટલ ટ્રાવેલ્સ નામથી ટ્રાવેલ્સનો ધંધો કરતો તેનો મિત્ર સંજય રમેશ પટેલ (રહે આમજા ગામ) સાથે મુલાકાત કરાવી હતી. બંન્ને દ્વારા ઈલેકટ્રીક વાહનોના પ્રોજેકટના કામ અર્થે ઈન્વેસ્ટરની જરુર હોવાથી પ્રહલાદભાઈ સાથે ચર્ચા કરી હતી. પ્રહલાદભાઈ વર્ષ ૨૦૨૦ માં અમેરીકા જતા રહ્યા હતા.ત્યારે દિનેશભાઈ અને સંજયભાઈ ફોન કરીને કહેતા હતા કે હાલમાં ઈલેકટ્રીક ગાડીઓની માંગ સરકારમાં વધારે છે. આપણે ઈલેકટ્રીક ગાડીઓ ખરીદી કરી સરકારમાં બાંધીએ તો સારો નફો મળી શકે છે. તેમ બે કરોડ રૂપીયાનું મુડી રોકાણ કરો, આપણે ભાગીદારીમાં ધંધો કરીએ. જેથી પ્રહલાદભાઈએ પ્રોજેકટ ફાઈલ મંગાવતા કેપીટલ કેબ ટેકસી સર્વિસીસ કંપનીમાં જેનીફર મુન તેમજ સંજય પટેલ ભાગીદાર હતા. ત્યારબાદ જેનીફર મુનના નામે માલિક તરીકે પ્રહલાદભાઈ ચૌધરીના નામે કંપનીમાં ૪૯ ટકા શેર હોલ્ડર અને ૫૬ ટકા શેર સંજય પટેલ અને દિનેશ ચૌધરી નામે ભાગીદારી નક્કી થઈ હતી. ઉપરાંત સંજયભાઈ પટેલની કેપીટલ ટ્રાવેલ્સ નામની ફર્મ ઉકત કંપનીમાં મર્જકરી દઈ સેકટર-૨૫ જીઆઈડીસીમાં ભાડે થી જગ્યા પણ તૈયાર હોવાનો વિશ્વાસ કેળવ્યો હતો. જયારે પ્રહલાદભાઈ સાથે ભાગીદારીમાં કેપીટલ કેબ એન્ડ ટેકસી સર્વિસીસ પ્રા.લિ.કંપની શરુ કરી હતી. જેમાં તેઓએ રોકાણ કરવાનું શરુ કર્યું હતું. જયારે કંપનીમાં ડીરેકટર બનવા માટે વર્ષ ૨૦૨૦માં તેઓ પરત આવ્યા હતા. તે સમયે કંપનીનું કામકાજ સંજયભાઈ તેમજ દિનેશભાઈ સંભાળતા હતા.જયારે તેમના પરીચીત વી.ડી.રાણા, નિતિનભાઈ અને કેતનભાઈ મહેતા કંપનીમાં લાયઝનીગનું કામ કરતા હતા. બંન્નેએ પ્રહલાદભાઈને કંપનીના લેટરપેડ ઉપર કંપનીમાં ૪૯ ટકા શેરના હિસ્સેદાર હોવાનું લખાણ આપી ડીકેટર બનાવ્યા હતા. તેણે તા.૩૧.૮.૨૦ થી ૧૩.૧.૨૦૨૧ સુધી કંપનીમાં રોકાણ પેટે તેઓએ રૂ.૧.૩૩ કરોડનું રોકાણ કર્યું હતું. જયારે વેપાર વિકસાવવાની વાત કરીને વધુ ઈલેકટ્રોનીકસ ગાડીઓ ખરીદી કરવા માટે માણસા બેંકમાંથી લોન લેવાનું નક્કી કરી પ્રહલાદભાઈને વિશ્વાસમાં લઈ તેમની જમીન પર મોર્ગેજ કરાવી લીધી હતી. અને રૂ.૧.૩૪ કરોડની લોન લીધી હતી. તે ઉપરાંત પ્રહલાદભાઈએ બીજા રૂ.૧૨લાખ પણ મોકલી આપ્યા હતા. જયારે લોનના પૈસાથી હરસોલીયા બ્રધર્સ અમદાવાદ ખાતે થી ખરીદવાની હતી.પરંતુ તે સમયે કોરોના મહામારી ચાલતી હોવાથી પ્રહલાદભાઈએ ઈમેલ કરી ગાડીની ડીલીવરી નહી લેવા માટે કહ્યું હતું. તેમ છતા સંજય પટેલે ગાડીઓ લીધી હતી. જયારે તા.૨૨-૪-૨૧ના રોજ સંજય પટલે ઈમેલ કરી પ્રહલાદભાઈને જાણ કરી હતી કે નક્કી થયા મુજબ રૂપીયા બે કરોડનું રોકાણ પૂર્ણ કરેલ નથી. હાલમાં રોકાણ પેટે રૂપીયા ૯૬.૦૮.૫૪૦ જમા હોવાનું કહી બીજા પૈસા માંગ્યા હતા. આથી શંકા જતા જાણવા મળ્યુ કે આ લોકોએ લોનના હપ્તા પણ ભર્યા ન હતા.જે અંગે પુછતા અને પૈસા માંગતા તેઓએ પ્રહલાદભાઈને ડીરેકટર તરીકે દુર કરવાની ધમકી આપી હતી. જેથી વિદેશથી આવી પ્રહલાદભાઈએ વધુ તપાસ કરતા કંપની દ્વારા એમ.સી.એ.માં સબમીટ થયેલ ઓડીટ રીપોર્ટમાં શેર હોલ્ડર તરીકે સંજય પટેલ અને તેની પત્નીનું નામ હોવાનું તેમજ પોતાના નામે કોઈ શેર ટ્રાન્સફર નહી થયાનું માલુમ પડ્યું હતું. ઉપરાંત કંપનીના ડોક્યુમેન્ટમાં ખોટી સહીઓ કરી હતી. પ્રહલાદભાઈ પાસે રૂ.૩.૫૯ કરોડનું રોકાણ કરાવી છેતરપિંડી આચરવામાં આવી છે. ત્યારે એનઆરઆઈએ સેકટર-૨૧ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગરવાસીઓએ આકરી ગરમીને ટાળવા આજે ઘરે બેસી આઈપીએલની મેચો નિહાળવાનું વધુ પસંદ કર્યુ હતુ.

● માણસા તાલુકાના વરસોડા ગામે કુવાવાળી મહાકાળી માતાના મંદિરે ધજા ચડાવવા માટે મેઘાણીનગરથી વરસોડા પગપાળા સંઘ રાત્રે ગાંધીનગરમાંથી પસાર થયો હતો.

● ગાંધીનગર સે. ૨ ના સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનની પ્રતિમાઓને ડ્રાયફ્રૂટના વાઘાથી સજાવવામાં આવી હતી.

● મગોડીથી પાવાગઢ માટેનો પગપાળા સંઘ પણ રવાના થયો છે.

● જિલ્લાના ચાંદીસણા ગામે ૫ અને ૬ એપ્રિલના રોજ બળિયાદેવ મહારાજના મંદિરે પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયુ છે.

● ગાંધીનગરમાં વસતા ઓરિસ્સાના પરિવારોએ સે. ૨૨ના રંગમંચ પર ઉત્કસ દિવસની ઉજવણીનું આયોજન કર્યુ હતુ.

● દહેગામના હરખજીના મુવાડા ગામની આંગણવાડીમાંથી ગેસ સિલિન્ડરની ચોરી થયાની ઘટના નોંધાઈ છે.

● છાલા ગામની ગ્રામ પંચાયતના ટ્યુબવેલના વાયરોની ચોરી કરનારા બે શખ્સોને પોલીસે પકડ્યા છે.

● મહાનગર ભાજપ કિસાન મોરચા દ્વારા મિલેટ યરની ઉજવણી અંતર્ગત ફૂડ પ્રદર્શન તેમજ વાનગી હરિફાઈનું આયોજન કરાયુ હતુ.

● સે. ૭ પોલીસે ગ-૪ અન્ડરબ્રીજ પાસેથી દારૂના જથ્થા સાથે બે ઈસમને ઝડપી લીધા છે.

● રખિયાલ પોલીસે માછંગ ગામના રહેણાંકના મકાનમાંથી દેશી દારૂનો જથ્થો પકડ્યો છે.

● ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ વધી રહી છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોને બસની સેવાથી આવરી લેવાની માંગ ઉગ્ર બની રહી છે.

● ગાંધીનગરમાં મહાવીર જયંતિની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયુ છે.

● કલોલના નારદીપુર ગામે હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવનાર છે.

● સરઢવ ગામે સર્વના કલ્યાણ અર્થે ગોગા મહારાજના નવિન મંદિરની શિલ પૂજન વિધિ ૫ મી એપ્રિલના રોજ યોજવામાં આવેલ છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા દબાણો તંત્રની ચિંતા બનીને ઉભર્યા છે.

# એનએમએમએસ શિષ્યવૃત્તિ પરીક્ષામાં કાંઠા પ્રાથમિક શાળાની બે વિદ્યાર્થીનીઓ





ગાંધીનગર, તા.૦૨

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૮ની એનએમએમએસ શિષ્યવૃત્તિ પરીક્ષામાં જાહેર થયેલ પરિણામમાં કલોલ તાલુકાની કાંઠા પ્રાથમિક શમળાની બે વિદ્યાર્થીનીઓએ મેરિટમાં સ્થાન મેળવવા સાથે શહેરનું નામ રોશન કર્યુ છે. આ વિદ્યાર્થીનીઓમાં બિનલ શૈલેષભાઈ દંતાણી અને નિકશા વિજયસિંહ ચાવડાનો સમાવેશ થાય છે. સમગ્ર જિલ્લામાંથી કુલ ૪૯૭૧ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે નમેરિટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ ધોરણ ૯થી ૧૨ના અભ્યાસ સુધી દર માસે રૂ.૧ હજારની શિષ્યવૃત્તિ મેળવશે. કાંઠા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓને શાળા અને ગામનું નામ રોશન કર્યુ છે તે બદલ આચાર્ય સંજયકુમાર ભગોરા સહિત શાળા પરિવારે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# શહેરમાં પ્રથમવાર ડોગ કાર્નિવલનું આયોજન

ગાંધીનગર, તા. ૧

પાટનગરમાં સૌ પ્રથમવાર શ્વાનપ્રેમીઓ માટે ડોગ કાર્નિવલનું આયોજન કરવામાં આવનાર છે. સ્ટ્રીટ ડોગ એટલે કે શેરી કૂતરાં પ્રત્યે સંવેદનશીલતા દાખવવા માટે કોર્ટ તરફથી પણ સ્પષ્ટ દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે. ત્યારે સમાજથી મોટેભાગે ઉપેક્ષિત રહેલા સ્ટ્રીટ ડોગ માટે ભોજન, આરોગ્ય, નિયમિત સંભાળ સહિત અન્ય સેવાઓમાં સહયોગ પૂરો પાડવાના આશયથી નગરની ત્રણ જીવદયાપ્રેમી મહિલા મિત્રો દ્વારા યોજાનાર આ કાર્નિવલમાંથી થનાર આવક સ્ટ્રીટ ડોગની સેવા-સંભાળના કાર્ય માટે આપવામાં આવશે. કાર્નિવલમાં ડોગી ફેશન શૉ સાથે વિવિધ ગેઈમ્સનું ખાસ આકર્ષણ રહેશે.

ગાંધીનગર ખાતે આ પ્રકારનું સૌ પ્રથમ આયોજન હોઈ ભવ્યતાથી યોજાય એ માટે ફંડરેઝના આશયથી સ્પોન્સરશીપ માટે પણ અપીલ કરવામાં આવી છે. કાર્નિવલમાં સહભાગી થવા ઈચ્છુક સોન્સરર્સ તથા શ્વાનપ્રેમી મિત્રોએ ભૂમિ જોગાણીના મો. નં. ૯૮૨૫૦૧૩૮૨૦, હેમાં પંડિત - ૯૯૨૪૨૦૬૧૦૦ અથવા કુંજલ દાસનો મો. નં. ૯૯૦૯૯૫૭૨૨૮ પર સંપર્ક કરવો.



સરકારી પ્રાથમિક શાળા- પાલજમાં લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા જીવનમાં વીમાનું શું મહત્વ છે તથા વીમો લેવાથી થતા લાભ અને બચતનું મહત્વ એલઆઈસીની વિવિધ ચિલ્ડ્રન યોજનાઓ વિશે સમજાવવામાં આવ્યું હતું. તેમજ વિમાનો લાભ લેનાર વિદ્યાર્થી લાભાર્થીને બચત બેંકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળામાં આચાર્ય, શિક્ષક ગણ, ઓફિસર તથા વિમાના સહાયક ઉપસ્થિત રહ્યા હતા.

# પેથાપુરની વાઘેશ્વરી સોસાયટીના મકાનમાંથી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર પેથાપુરની વાઘેશ્વરી સોસાયટીમાં રહેતા યુવકના ઘરમાંથી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો છે. પોલીસે ઘરમાં પલંગ નીચેથી બે બોકસમાંથી બિયર ટીન નંગ-૨૪ તેમજ વિદેશી દારૂની બોટલ નંગ-૮ મળી કુલ રૂ.૫૬૭૨ નો મુદ્દામાલ પકડી પાડી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે પેથાપુર ચોકડી પાસે આવેલી વાઘેશ્વરી સોસાયટીમાં રહેતા નરેન્દ્રસિંહ ઉર્ફે યુવરાજસિંહ વાઘેલા પોતાના ઘરે વિદેશી દારૂ રાખી છુટક વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા રેઈડ પાડતા નરેન્દ્રસિંહ ઉર્ફેયુવરાજસિંહ જયેન્દ્રસિંહ વાઘેલા (રહે ૫૩૧૭-૧ વાઘેશ્વરી સોસાયટી) હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે ઘરમાં તપાસ કરતા પ્રથમ રૂમમાં પલંગ નીચે થી ખાખી પુંઠાના બે બોકસ મળી આવ્યા હતા. જેમાં બિયરના ટીન નંગ-૨૪ અને વોડકાની ૮ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ-બિયરનો જથ્થો પકડી પાડી રૂ.૫૬૭૨ નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# છાલા ગ્રામ પંચાયતના બોરકુવા પરથી રૂ.૨૫ હજારનો કેબલ ચોરી કરનાર બે ઝડપાયા

ગાંધીનગર,તા.૨

ગાંધીનગરના છાલા ગ્રામ પંચાયતના અંબાજી મંદિરવાળા ટયુબવેલના ૪૦ મીટર કેબલની ચોરી કરી વેચવા માટે ફરી રહેલા બે શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે બંન્ને શખ્સો પાસેથી રૂ.૨૫ હજારની કિંમતનો ૪૦ મીટર વાયર કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છાલા ગામે રહેતા લાલજીભાઈ છબાભાઈ ચૌધરી ગઈ તા.૩૦ માર્ચના રોજ ઘરે હાજર હતા. તે સમયે ગ્રામ પંચાયતના અંબાજી મંદિર વાળા બોરકુવાના ઓપરેટર કેશાભાઈ જોઈતાભાઈ ચૌધરી જણાવ્યું હતું કે ૪૦ મીટર કેબલ કાંપીને કોઈ ચોરી ગયું છે. જેથી લાલજીભાઈ બોરકુવા પર જઈને જોયુ તો ૪૦ મીટર કેબલ કાંપીને ચોરી કરી ગયાનું ધ્યાને આવ્યું હતું. ચિલોડા પોલીસે તપાસ કરતા અલ્ફાઝ મુખયારમીયા મલેક અને ફારૂક રસીદહુસેન શેખ (દહેગામ) એ છાલા ગામના પંચાયતના બોરકુવા પર વાયરની ચોરી કરી હતી.જયારે બંને વાયરો વેચવા માટે જતા અલ્ફાઝ મુખયારમીયા મલેક પકડાઈ ગયા હતા.જેથી સમગ્ર મુદ્દે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



સેકટર-૫-બી ના કોમન પ્લોટને સમથળ કરી સુંદર બનાવાઈ રહ્યો છે. વોર્ડ નં. ૮ના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદીએ જેસીબી મશીન દ્વારા કોમન પ્લોટમાં માટી નંખાવી છે અને અન્ય કામગીરી પણ કરાવી છે.



રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સીટી વિસ્તારના અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઝુંડાલ ખાતે વિશ્વ ક્ષય દિવસની ઉજવણીના ભાગરૂપે નર્સિંગ કોલેજ અને શહેરી ક્ષય કેન્દ્ર ના સહયોગથી ક્ષય રોગની માહિતી આપતા પોસ્ટર પ્રદર્શન તેમજ નાટક દ્વારા ટીબીના રોગને લોકો સમજી શકે તે રીતે નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી તેમજ આ કાર્યક્રમમાં હાજર ટીબીના જરૂરિયાતમંદ દર્દીને પોષણયુક્ત આહાર કીટ વિતરણ પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શહેરી ક્ષય અધિકારી ડો.હરેશ પટેલ અને ટીબી એચ.વી. નીતિન પટેલ તેમજ ઝુંડાલ આરોગ્ય કેન્દ્રના તમામ સ્ટાફે હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે નાટકમાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

# સે. ૨૨માં શ્રેયસ સોસાયટી ખાતે આજથી ત્રિદિવસીય યોગ શિબિર

ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગર ખાતેની પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તારીખ તા.૩જી એપ્રિલથી તા.૫મી એપ્રિલ સોમવારથી બુધવાર દરમ્યાન દરરોજ સવારે પાંચથી સાત વાગ્યા દરમ્યાન શહેરના સેકટર-૨૨માં શ્રેયસ સોસાયટી ખાતે ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

શિબિરના આયોજનની જવાબદારી મહિલા પતંજલિ યોગ સમિતિના જિલ્લા યોગ પ્રભારી ગીતાબેન જોબનપુત્રા, જિલ્લા પ્રભારી ડો.નેહલબેન દેસાઈ, તાલુકા પ્રભારી જાગૃતીબેન પટેલ અને શહેર સહ પ્રભારી મોનાબેન પટેલ દ્વારા ઉઠાવાઈ છે જયારે શિબિરનું સંચાલન યોગાચાર્ય ડો. કાનજીભાઈ બાવરી દ્વારા કરવામાં આવશે. આ યોગ શિબિરમાં ભાગ લઈને આ શિબિરનો મહત્તમ લાભ લેવા માટે શહેરના યોગાર્થીઓને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કન્યાપૂજન અને કપડા વિતરણ



ગાંધીનગર, તા.૨

રામનવમીના દિવસે ભેટાલી સ્થીત બે આશ્રમ શાળાના ૧૦૫ બાળકોને કપડાનું વિતરણ કરાયું હતું. વિદ્યાર્થીઓને ગરમીમાં રાહત માટે ટોપી પણ અપાઈ હતી. વિકસતી જાતિ આશ્રમ શાળાની ધો.૧થી ૮માં ભણતી કન્યાનું પુજન કરી પ્રસાદ પણ આપ્યો હતો તો આ કાર્યમાં સમિતિના શ્રૃતિ ગુપ્તે, હેમલતા રાઠોડ, મિલીંદભાઈ, ભીમજીભાઈ તથા સ્ટાફે સેવા આપી હતી.

# ટીંટોડા ફાટક પાસે બાઈક સ્લીપ ખાઈ જતા યુવકનું મૃત્યું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ટીંટોડા રેલ્વે ફાટક નજીક ગઈકાલે સાંજના સમયે રોડ ઉપર બાઈક સ્લીપ ખાઈ જતા નીચે પટકાતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જયારે અમદાવાદ સિવિલ ખાતે બાઈક ચાલકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ રહે કલોલના અને હાલ બહુચરાજી ખાતે રહેતા બિપિનચંદ્ર કચરાભાઈ જાદવ પરિવાર સાથે રહે છે અને શંખેશ્વર તાલુકાના કંચનપુરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવે છે.જેઓનો નાનો ભાઈ કેતન જાદવ કલોલ પરિવાર સાથે રહેતો હતો. કેતન પાસે બાઈક નં. જી.જે.૧૮.સી.એચ.-૦૯૮૦ છે. જયારે કેતન બાઈકનો ઉપયોગ કરતો હતો. ગઈકાલે રાત્રીના સાડા આઠ વાગે બિપિનભાઈ ઘરે હાજર હતા તે સમયે તેમના નાના બહેન દક્ષાનો ફોન આવ્યો હતો. તેણીએ કહ્યું કે કેતનને અકસ્માત થયો છે તેને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જઈએ છીએ. જેથી બિપિનભાઈ અને તેમના પત્ની ગાડી લઈને અમદાવાદ સિવિલ તાત્કાલીક પહોંચી ગયા હતા. ત્યાં જઈને જોયુ તો કેતનને ટ્રોમાં સેન્ટરમાં સારવાર ચાલુ હતી. જયારે તેના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.જેથી નાક અને કાનમાંથી લોહી નીકળી રહ્યું હતું. જયારે બનાવ અંગે કેતનના પત્નીને પુછતા જણાવ્યું કે તેઓ સવારના દશ વાગે બાઈક લઈ ગાંધીનગર કામઅર્થે ગયા હતા. ત્યાંથી કલોલ ઘરે પરત આવી રહ્યા હતા તે સમયે સાંજના ૬ વાગ્યાના અરસામાં ટીંટોડા ફાટક પાસે બાઈક અચાનક સ્લીપ ખાઈ જતા નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.જેથી ૧૦૮ દ્વારા ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે કેતનને લઈ ગયા હતા.જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતા બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર શહેરમાં આઈપીએલ મેચનો પ્રારંભ થતા જ સટ્ટોડીયાઓમાં સળવળાટ જોવા મળી રહ્યો છે. ત્યારે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા યુવકોને પંટરો બુકી સાથે ભેટો કરાવવા માટે થનગની રહ્યા છે. ત્યારે ગઈકાલે સેકટર-૨૩ લાલસોટ પાર્લર પાસે ખુલ્લી જગ્યામાં મોબાઈલ ફોનમાં ફનબિટ્સ૯ ડોટ કોમ ની આઈડી રાખી આઈપીએલની ચાલુ મેચમાં હારજીતનો સટ્ટો રમાડતા બે બુકીઓને પોલીસે રૂ.૧૭ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે સેકટર-૨૩ ખાતે આવતા તેઓને બાતમી મળી હતી કે સેકટર-૨૬ પ્લોટ નં.૫૫૮-૨ ખાતે રહેતા મહેન્દ્રભાઈ ગણપતભાઈ પટેલ (ઉં.૫૨) અને સન્નીકુમાર હર્ષદ પટેલ (ઉં.૩૧ રહે બે આકાર એપાર્ટમેન્ટ દલકુંડ મહાદેવ મંદિરની પાસે તા.કડી) બંન્ને વ્યકિત ભાગીદારીમાં સેકટર-૨૩ લાલસોટ પાર્લર પાસે જાહેરમાં મોબાઈલ ફોનમાં ક્રિકેટસટ્ટાની આઈડી બનાવી હાલમાં ચાલી રહેલ આઈપીએલની મેચ પર હારજીતનો જુગાર રમાડે છે. જેથી પોલીસે સ્થળ પર રેઈડ પાડી બંનેને પકડી પાડ્યા હતા. પોલીસે બે સટ્ટોડીયાની અંગજડતી કરતા રૂ.૧૦,૪૪૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૨ મળી કુલ રૂ.૧૭,૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કોર્પોરેશનના કમિશનરના એક આદેશથી અધિકારીઓમાં હડકંપ

અમદાવાદ, તા.૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર એમ થેન્નારાસનના એક આદેશથી અધિકારીઓમાં હડકંપ મચી ગયો છે. સતત સ્વચ્છતાના આગ્રહી અને ઝીણવટભરી કામની સમીક્ષા કરનાર કમિશનરે વધુ એક આકરો આદેશ એએમસીના કર્મચારીઓ અને વિભાગના એચઓડી તેમજ ડાયરેક્ટરો માટે કર્યો છે. તમામ ઉચ્ચ અધિકારીઓ જેઓ એએમસીના મસમોટા પગાર મેળવી રહ્યા છે. તેવા તમામ ઉચ્ચ અધિકારીઓએ રાત્રી રાઉન્ડ લેવાનો રહેશે. તેમજ કમિશનર દ્વારા જાહેર કરાયેલો એક ચાર્ટ પણ ફરી એએમસીને સવારે આપવાનો રહેશે. જેમા હશે કે, રાત્રી વિઝીટ દરમ્યાન શુ સમિક્ષા કરી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં વસતા નગરજનોને રોડ, ડ્રેનેજ, પાણી, સ્ટ્રીટ લાઈટ, આરોગ્ય વિષયક, પરિવહન, શિક્ષણ, અગ્નિશમન જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ સેવાઓ વધુ સુદ્રઢ બને અને શહેરીજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે તેનું સમયાંતરે ઉચ્ચ અધિકારીઓ દ્વારા મોનિટરીંગ થાય તે જરૂરી છે. જે માટે વિભાગના ડાયરેકટર, એચઓડી, અને આસિ કમિશનર કક્ષાના અધિકારીઓ અને તેમની ટીમના સભ્યો સાથે તમામ ઝોનમા રાત્રે ૧૦.૦૦ વાગ્યેથી શહેરનો રાત્રી રાઉન્ડ લેવાનો રહેશે.